
# ગાંધીનગર સમાચાર

**તાપમાન**
મહત્તમ : ૩૨.૩ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૬૬ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૭૪ | ૪ સપ્ટેમ્બર, ૨૦૧૬, રવિવાર ; ભાદરવા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો


# ભારત-વિયેતનામ વચ્ચે ૧૨ સમજૂતિ કરાર

**મોદી વિયેતનામમાં વિવિધ કાર્યક્રમોમાં વ્યસ્ત : વિયેતનામના વડાપ્રધાન ફૂક સાથે વાતચીતમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા ભાર : સંયુક્ત પત્રકાર પરિષદ યોજી : હનોઈના બૌદ્ધમઠ ખાતે પહોંચ્યા**



નવી દિલ્હી,તા. ૩

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાની એક્ટ ઈસ્ટ નીતિ હેઠળ પોતાની ઐતિહાસિક વિયેતનામ યાત્રા ઉપર પહોંચી ચુક્યા છે. મોદી આજે વિયેતનામ યાત્રા દરમિયાન જુદા જુદા કાર્યક્રમોમાં વ્યસ્ત રહ્યા હતા. વિયેતનામમાં જુદા જુદા કાર્યક્રમોમાં વ્યસ્ત રહેવાના સાથે સાથે મોદીએ બૌદ્ધ સંતો સાથે વાતચીત કરી હતી. બીજી બાજુ ભારત અને વિયેતનામ વચ્ચે ૧૨ ઐતિહાસિક સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. મોદીના પ્રવાસના ભાગરૂપે સંરક્ષણ, આરોગ્ય અને અંતરિક્ષના ક્ષેત્રમાં આ સમજૂતિ કરવામાં આવી છે મોદી અને વિયેતનામના વડાપ્રધાન નુએનસુએન ફુક વચ્ચે શિખર વાતચીત થઈ હતી. આ પ્રસંગે મોદી અને વિયતનામના વડાપ્રધાન નુએન શુએન ફુકે એક સંયુક્ત પરિષદને સંબોધન કરીને વિવિધ બાબતો પર માહિતી આપી હતી. આ ગાળા દરમિયાન મોદીએ વિયતનામની સાથે ભારતના મજબુત સંબંધોને ખુબ ઉપયોગી ગણાવ્યા હતા. આ ગાળા દરમિયાન મોદીએ વિયતનામની સાથે ભારતના મજબુત સંબંધના મામલે અન્ય કેટલીક બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ કહ્યુ હતુ કે બન્ને દેશો સુરક્ષા

● અનુસંધાન પાન-૭ પર

## આપના સાંસદ માન સામે એફઆઈઆર દાખલ કરાઈ

ફતેગઢસાહીબ, તા. ૩

એએપીના સંગરૂરના સાંસદ ભગવંત માનની તકલીફમાં સતત વધાર થઈ રહ્યો છે કારણ કે પંજાબ પોલીસે આજે પાર્ટીના કાર્યકરો પૈકી કેટલાકની સામે કેસ દાખલ કર્યો હતો. ફરિયાદમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે તેઓએ બસીપથાણામાં એક રેલીમાં પત્રકારો સાથે ખરાબ વર્તન કર્યું હતું. ફતેગઢસાહીબના એસએસપી એચએચ ભુલ્લરે માહિતી આપતા કહ્યું હતું કે ડીએસપી પાસેથી અહેવાલ મળી ગયા બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી.

## દેશને એક મજબૂત અને સ્વતંત્ર કેન્દ્રિય બેન્કની જરૂર છે : રાજન

**આરબીઆઈની ના કહેવાની ક્ષમતા બચાવવાની જરૂર છે : રઘુરામ રાજનનું અતિ મહત્વપૂર્ણ સૂચન : રાજન આજે હોદ્દો છોડશે**



નવી દિલ્હી, તા. ૩

આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન આવતીકાલે હોદ્દો છોડનાર છે. આરબીઆઈના ગવર્નર તરીકે હોદ્દો છોડે તેના એક દિવસ પહેલા રાજને આજે કહ્યું હતું કે સરકારના સર્વોચ્ચ નેતાઓને ના પાડવાની આરબીઆઈની ક્ષમતાને બચાવીને રાખવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે દેશને એક મજબૂત અને સ્વતંત્ર કેન્દ્રિય બેન્કની જરૂર છે. આના માટે આવું કરવું ખૂબ જરૂરી છે. સેન્ટસ્ટીફન કોલેજમાં ઈનડીપેન્ડેન્સ ઓફ સેન્ટ્રલ બેન્ક અંગે વિષય ઉપર ભાષણ આપતા રાજને કહ્યું હતું કે રિઝર્વ બેંકને સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ એક માળખા હેઠળ કામ કરવાનું રહે છે અને તે તમામ અડચણોથી મુક્ત થઈ શકે નહીં. સરકારની સાથે નીતિગત મતભેદ પર પોતાના અગાઉના સાથી ડી.સુબ્બારાવના

● અનુસંધાન પાન-૭ પર

# માલ્યાની ૬૬૩૦ કરોડની સંપત્તિ સીલ

**મહારાષ્ટ્રમાં ૨૦૦૦ કરોડના ફાર્મહાઉસને પણ સીલ કરાયું : જપ્ત કરવામાં આવેલી સંપત્તિઓમાં મોલ, ફાર્મહાઉસ, માલ્યાની માલિકીના શેરનો સમાવેશ : માલ્યા ઉપર સકંજો વધુ મજબૂત**

નવી દિલ્હી, તા. ૧

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે લોન ડિફોલ્ટર વિજય માલ્યાની ૬૬૩૦ કરોડની સંપત્તિ જપ્ત કરી લીધી છે. આટલી મોટી સંપત્તિ જપ્ત કરી લેવામાં આવતા કોર્પોરેટ જગત અને અન્ય લોકોમાં ખળભળાટ મચી ગયો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે તેમની જે સંપત્તિ જપ્ત કરવામાં આવી છે તેમાં મોલ, ફાર્મહાઉસ અને માલ્યાની માલિકીના કેટલાક શેર સામેલ છે. ઈડી દ્વારા જપ્ત કરવામાં આવેલી આ સંપત્તિ દેશભરમાં રહેલી છે જેમાં મુંબઈ અને બેંગલોરમાં રહેલી સંપત્તિનો પણ સમાવેશ થાય છે. ઈડીએ વિજય માલ્યા સામે મોટી કાર્યવાહી કરીને આ પગલાં લીધા છે. ફાર્મહાઉસ ઉપર પણ સકંજો મેળવી લેવામાં આવ્યો છે. માલ્યા ઉપર બેંકના ૯૦૦૦ કરોડ રૂપિયા વધુનું દેવું છે. માર્ચ મહિનામાં ભારત છોડી ગયા બાદ માલ્યા લંડનમાં રોકાયેલા છે. સરકારે કાર્યવાહી કરીને તેમના પાસપોર્ટને રદ કરી દીધો છે. માલ્યાની જપ્ત કરવામાં આવેલી સંપત્તિમાં

● અનુસંધાન પાન-૭ પર




# પાટીદારોની સ્વાભિમાન રેલીને હાઈકોર્ટની મંજુરી

**વિજાપુરથી ગાંધીનગર સુધીની સ્વાભિમાન રેલી માટે પાટીદારો દ્વારા તૈયારીઓ : રેલીના રૂટ અને અન્ય તમામ વિગત આપવા હાઈકોર્ટની સૂચના : આયોજકોને ઓળખપત્રો આપવા પડશે**

અમદાવાદ, તા.૩

ગુજરાત હાઈકોર્ટે મહેસાણા જિલ્લાના વીજાપુર તાલુકાથી ગાંધીનગર સુધી સ્વાભિમાન રેલી યોજવાની લીલીઝંડી આપી દીધા બાદ પાટીદાર સમુદાયના લોકોમાં આને લઈને તૈયારી હાથ ધરવામાં આવી છે. પાટીદાર સમુદાયના લોકો ફરી એકવાર તેમના શક્તિ પ્રદર્શનને લઈને તૈયારીઓ કરી રહ્યા છે. પાટીદારોને લીલીઝંડી મળ્યા બાદ તેમની કેટલીક શરતો પાળવી પડશે. હાઈકોર્ટે પાટીદારો સામે કેટલીક શરતો મુકી દીધી છે. આ રેલી ૨૧મી સપ્ટેમ્બરથી ૨૨મી સપ્ટેમ્બર દરમ્યાન યોજાનાર છે. અહેવાલ મુજબ પાટીદારો ૩૦મી ઓગસ્ટના દિવસે આ રેલી યોજનાર હતા. આ લોકોએ રેલી માટે પરવાનગી માટે અરજી પણ કરી હતી પરંતુ તેમની અરજીને સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા ફગાવી દેવામાં આવી હતી. ત્યારબાદ આ લોકોએ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરી હતી. ગુજરાત હાઈકોર્ટે શુક્રવારના દિવસે તેમની અરજી પર સુનાવણી હાથ ધર્યા બાદ રેલી યોજવાને મંજુરી આપી દીધી છે. સ્વાભિમાન રેલી દરમ્યાન સંપૂર્ણ શાંતિ રહે તે હેતુસર પણ કેટલીક શરતો મુકવામાં આવી છે. કોર્ટના આદેશમાં જણાવવામાં આવ્યું છે કે આયોજકોને તેમના ઓળખપત્રો આપવા પડશે. સાથે સાથે રેલીના વાસ્તવિક માર્ગના સંદર્ભમાં પુરતી માહિતી આપવી પડશે. કોર્ટના આદેશ મુજબ આયોજકોને અન્ય કેટલીક શરતો પાળવા માટે પણ કહેવામાં આવ્યું

● અનુસંધાન પાન-૭ પર



## બેસણું

અમારા મોટાભાઈ શ્રી પ્રકાશચંદ્ર જૈનનું તારીખ ૨૯-૮-૨૦૧૬ ને સોમવારના રોજ અવસાન થયું છે. સદ્‌ગતનું બેસણું તારીખ ૪-૯-૨૦૧૬ ને રવિવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન રાખવામાં આવ્યું છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર**


લિ.

**કમલકિશોર જૈન**

નવરત્ન જૈન ● અનિલ જૈન ● અંકિત જૈન














ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧